ક્રમાંક:મઉમશબ/ક/૧૯૫૮-૯૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦.બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૫/૦૨/૨૦૨૫

પ્રતિ,
સ્થળ સંચાલકશ્રીઓ,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
પ્રમાણપત્ર પરીક્ષા-૨૦૨૫,
ગુજરાત રાજ્ય, તમામ.

વિષય - ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની જાહેર પરીક્ષા દરમિયાન સ્થળ સંચાલક તરીકે તકેદારી રાખવાની બાબતો.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ તેઓના પ્રવેશપત્રમાં દર્શાવેલ વિષયો અને સમય દરમિયાન પરીક્ષા માટે તેઓને ફળવાયેલ પરીક્ષા સ્થળ ઉપર પરીક્ષા આપવા માટે આવશે. આ સમય દરમિયાન સ્થળ સંચાલક તરીકેની કામગીરી માટે મહત્ત્વની બાબતો ધ્યાને લઈને પરીક્ષા ગેરરીતિવિહિન અને સુઆયોજિત રીતે લેવાય તે માટે નીચેની બાબતોની કાળજી લેશો.

**ધ્યાનમાં લેવાની બાબતો :**

1) સ્થળ સંચાલક અને ખંડ નિરીક્ષક માટેની સૂચનાઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરી લેવો અને મૂંઝવતા પ્રશ્નો માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનું માર્ગદર્શન મેળવી લેવું.
2) ખંડ નિરીક્ષકની પસંદગી માટેના નિયત ધારા-ધોરણો અનુસરવા.
3) પરીક્ષા સ્થળ ઉપર બિનઅધિકૃત વ્યક્તિને પ્રવેશ પ્રતિબંધિત કરવો.
4) પરીક્ષા સ્થળમાં પ્રવેશ વખતે પરીક્ષાર્થીઓની ચકાસણી અને બિનઅધિકૃત સાહિત્ય, મોબાઈલ, પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક્સ સાધનો સાથે કોઈ પરીક્ષાર્થી પ્રવેશ કરે નહીં તે માટેનું આયોજન કરવું.
5) પરીક્ષાર્થીનીઓ (વિધાર્થીનીઓ)ની ચકાસણી અલાયદા ગર્લ્સરૂમમાં મહિલા શિક્ષકો અને મહિલા પોલીસ કર્મી દ્વારા થાય તે સુનિશ્ચિત કરશો.
6) મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ લઈને કોઈ પરીક્ષાર્થી પરીક્ષા સ્થળ ઉપર આવે તો તે તેના સામાનમાં મૂકીને દરવાજા બહાર રખાવવું કે વાલીને પરત સોંપી દેવા જણાવવું.
7) પરીક્ષાર્થીઓ બૂટ-મોજાં પહેરીને આવે તો પરીક્ષા ખંડની બહાર બૂટ-મોજાં કઢાવવાના રહેશે.
8) ધોરણ-10નો પરીક્ષાર્થી કોઈપણ પ્રકારનું કેલક્યુલેટર લાવી શકશે નહીં કે ઉપયોગ કરી શકશે નહીં.
9) ધોરણ-12નો પરીક્ષાર્થી ફક્ત સાદુ કેલ્ક્યુલેટર લાવી શકશે. સાયન્ટિફીક કેલક્યુલેટર લાવી શકાશે નહીં.
10) દરેક પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (Hall Ticket)ની ચકાસણી કરીને પ્રવેશ આપવાનો રહેશે.
11) પરીક્ષા ખંડમાં દરેક પરીક્ષાર્થી તેઓના પ્રવેશપત્ર (Hall Ticket) મુજબના જ બેઠક નંબરવાળી જગ્યાએ બેસે તે માટે ખંડ નિરીક્ષકો ચકાસણી કરે તે સુનિશ્ચિત કરશો.

12) જે તે વિષય માટે પ્રશ્નપત્રના જવાબો લખવા માટે અને પ્રશ્નપત્ર ઉત્તરવહીની વિગતો માટે નિયત થયેલ સમય મુજબ બેલ દ્વારા પરીક્ષાર્થીઓને જાણ થાય તે જોશો.

13) શાળાની ઘડિયાળનો સમય ભારતીય પ્રમાણ સમય મુજબ મેળવીને નિયત કરેલ સમય અનુસાર બેલ વગાડીને પરીક્ષાર્થીઓને સમયની જાણકારી આપવી.

14) પ્રશ્નપત્રની ગોપનીયતા માટે બોર્ડના સરકારી પ્રતિનિધિ દ્વારા **PATA (Paperbox Authentication and Tracking Application)** મોબાઈલ એપ્લિકેશનની પ્રશ્નપત્રના બોક્ષના ફોટોગ્રાફ પાડીને પ્રશ્નપત્રનું બોક્ષ અને પ્રશ્નપત્રો પરીક્ષાખંડ સુધી સુરક્ષિત પહોંચ્યા છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

15) પરીક્ષા સ્થળ ખાતે કોઈપણ પ્રકારનું સાહિત્ય, ઈલેક્ટ્રોનિક ગેજેટ, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર, સ્માર્ટ વૉચ, મોબાઈલ ફોન વગેરે જેવા ઉપકરણો સાથે કોઈ પ્રવેશ ના કરે તે માટે પ્રવેશદ્વાર ઉપર સૂચનાઓ પ્રસિદ્ધ કરવી.

16) ઉતાવળમાં ભૂલથી પણ મોબાઈલ ફોન સાથે રહી જાય નહિ તેની ચકાસણી પરીક્ષા સ્થળમાં પ્રવેશતાં પહેલાં કરી લેવી.

(ડી. એસ. પટેલ)
સંયુક્ત નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર